# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**મહાનગર સેવા સદન, નવા પશ્ચિમ ઝોન (હેલ્થ)**

**ટેન્ડર નોટીસ નંબર : ૬/૨૦૦૯-૧૦**

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનનાં નવા પશ્ચિમ ઝોનનાં હેલ્થ ખાતા દ્વારા નીચેના કામો માટે ઈચ્છુક, અનુભવી તથા લાયક કોન્ટ્રાક્ટરો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. સદર ટેન્ડરો અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની વેબસાઈટ www.egovamc.com ઉપરથી ડાઉનલોડ કરવાના રહેશે. આ નોટીસ અંગે જે કોઈ સુધારા વધારા કરવાના થશે તે વેબસાઈટ પર મુકવામાં આવશે. ભરેલ ટેન્ડરો આસી. મેનેજર શ્રી- વહીવટ , નવા પશ્ચિમ ઝોન, ઝોનલ ઓફિસ, માનવમંદિરનાં ખાંચામાં, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨ નાં નીચે દર્શાવેલ તારીખ અને સમય સુધીમાં મોકલી આપવાનાં રહેશે.

**ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખઃ- ૨૫.૦૩.૨૦૧૦ સમયઃ- બપોરે ૨-૦૦ કલાક સુધી**

**ટેન્ડર ખોલવાની તારીખ :- ૨૫.૦૩.૨૦૧૦ સમયઃ- બપોરે ૩-૦૦ કલાકે**

| અ.નં. | કામનું નામ | કામની વાર્ષિક અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | નવા પ. ઝોન હેલ્થ વિભાગના થલતેજ, બોડકદેવ, જોધપુર અને સરખેજ વોર્ડમાં સૂકો-ભીનો કચરો, ટ્રીકટીગ વગેરે ઉપાડી સુએજ ફાર્મ ડમ્પીંગ સાઈટ ઉપર નિકાલ કરવા માટે ટ્રેક્ટર-ટ્રોલી (૪ મજૂરો જરૂરી સાધનો સાથે) ભાડેથી સપ્લાય કરવા માટે પ્રતિ શીફ્ટ ૮ કલાક દીઠના ભાવથી ભાવો મંગાવવા જાહેર ટેન્ડર નોટિસ નં. ૬ / ૨૦૦૯-૧૦ | ૧,૨૨,૬૪,૦૦૦/- (એક કરોડ બાવીસ લાખ ચોંસઠ હજાર પુરા) |

**નવા પ. ઝોન હેલ્થ ખાતા દ્વારા પ્રકાશિત**

\\192.168.15.130\Advanced\Tenders\docs\2682\Health - NWZ Tender no. 6-2009-10.docx

# મહાનગર સેવાસદન અમદાવાદ

## નવા પશ્ચિમ ઝોન

## હેલ્થ વિભાગ

### જાહેર શોર્ટ ટેન્ડર નોટીસ નં. ૬/૨૦૦૯-૨૦૧૦

**ઘન કચરાના નિકાલ માટે ટ્રેક્ટર ટ્રોલી પુરા પાડવા બાબતે**

મહાનગર સેવાસદન અમદાવાદના નવાપશ્ચિમઝોનના હેલ્થ ખાતાના થલતેજ, બોડકદેવ, જોધપુર, સરખેજ વોર્ડમાં સુકો અને ભીનો કચરો, ટ્રી કટીંગ વિગેરે પોતાના ટ્રેક્ટર-ટ્રોલી (૪ મજુરો શેવાલ, તગારા, પાવડા, ઉભા ઝાડું સાથે ) દ્વારા ઉપાડી સુએઝ ફાર્મ ડમ્પ સાઈટ ઉપર પર વે બ્રીજ પર નોંધાવી નિકાલ કરવાની કામગીરી માટે **પ્રતિ શિફ્ટ/૮ કલાક દીઠ ના ભાવે વાહનો ભાડે આપવા**માં રસ ધરાવનાર એજન્સીઓ પાસેથી સદરહુ કામ અંગે ભાવો મંગાવવામાં આવે છે જે માટે જાહેર શોર્ટ ટેન્ડર નંબર ૦૬ / ૨૦૦૯-૨૦૧૦ ની નોટીસ તેમજ ટેન્ડરની શરતોની વિગતો સાથેનું ટેન્ડર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઈટ (www.egovamc.com.)ઉપર મુકવામાં આવેલ છે.ઈચ્છુક કોન્ટ્રાકટરોએ ટેન્ડર વેબ સાઈટ ઉપરથી તા. ૦૯.૦૩.૨૦૧૦ ના રોજથી ડાઉન લોડ કરી ભરીને નીચે જણાવેલ સરનામે રજી.એડી/સ્પીડ પોસ્ટ/કુરીયરથી મોકલવાના રહેશે.

ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખઃ ૨૫.૦૩.૨૦૧૦ સમય બપોરે ૨-૦૦ કલાક સુધી.

ટેન્ડર ખોલવાની તારીખઃ ૨૫.૦૩.૨૦૧૦ સમય બપોરે ૩-૦૦ કલાક સુધી.

ટેન્ડર સ્વીકારવાનું સરનામુંઃ-

આસી. મેનેજર શ્રી,
નવા પ. ઝોન -વહીવટ,
મહાનગર સેવાસદન, અમદાવાદ,
નવા પ. ઝોનની ઝોનલ કચેરી, મેમનગર
જુની નગરપાલિકા કચેરીમાં , માનવ મંદિરનાં ખાંચામાં,
મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨

નવા **પશ્ચિમ ઝોન - હેલ્થ વિભાગ**
**દ્વારા પ્રકાશીત**

ડે. મ્યુનિ. કમિશ્નર
નવા પશ્ચિમ ઝોન

# મહાનગર સેવાસદન અમદાવાદ
# નવા પશ્ચિમ ઝોન
# હેલ્થ વિભાગ

**<u>ટેન્ડર ફોર્મ</u>**

**<u>જાહેર શોર્ટ ટેન્ડર નોટીસ નં.- ૦૬/ ૨૦૦૯-૨૦૧૦</u>**

<u>કામનું નામ</u> :- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં નવા પશ્ચિમ ઝોનના વોર્ડ થલતેજ, બોડકદેવ, જોધપુર, સરખેજ વિસ્તાર માંથી ઘન કચરા ( સુકો તથા ભીનો કચરો, ટ્રીકટીગ વિગેરે) નાં મજુરો તેમજ સાધનો જેવા કે ટ્રેક્ટર ટ્રોલી ( ૪ મજુરો જરૂરી સાધનો સાથે )દ્વારા વહન કરી સુએઝફાર્મ પીરાણા ખાતે ડમ્પીગ કરવા પ્રતિ શિફટ/૮ કલાકનાં ભાવથી ટ્રેક્ટર ટ્રોલી ભાડેથી સપ્લાય કરવા બાબત.

| | |
|---|---|
| **ટેન્ડર ફોર્મ ફી :-** | ૨૫૦૦/- (ડીમાન્ડ ડ્રાફટ સામેલ કરવાનો રહેશે.) |
| **<u>અર્નેસ્ટ મની ની રકમ :</u>** | ૫૦,૦૦૦/-( પચાસ હજાર રૂપીયા પુરા) |
| **ટેન્ડર સ્વીકારવાની તારીખ તથા સમય :** | તા. ૨૫.૦૩.૨૦૧૦ સાંજે બપોરે ૨-૦૦ કલાક સુધી |
| **ટેન્ડર ખોલવાની તારીખ તથા સમય :** | તા. ૨૫.૦૩.૨૦૧૦ બપોરે ૩-૦૦ કલાકે |
| **સ્થળ:** | આસી. મેનેજર(ન.પ. ઝોન-વહીવટ),મહાનગર સેવાસદન અમદાવાદ, નવા પશ્ચિમ ઝોનલ કચેરી, મેમનગર જુની નગરપાલીકા કચેરીમાં, માનવમંદિર ના ખાંચામાં અમદાવાદ-૩૮૦૦૫૨ |

**નોંધઃ (૧) ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મનીની રકમ " મ્યુનિ. કમિશ્નર શ્રી, અમદાવાદ " નાં નામનો અલગ અલગ ડીમાન્ડ ડ્રાફટ/પે-ઓર્ડરથી ભરવાની રહેશે અને ટેન્ડર ફોર્મ સાથે સામેલ કરવાના રહેશે.**

**(૨) ટેન્ડર કવર ઉપર "જાહેર શોર્ટ ટેન્ડર નોટિસ નં.<u>૦૬ / ૨૦૦૯-૨૦૧૦</u> નવા પ.ઝોન હેલ્થ વિભાગ ખાતે પ્રતિ શિફટ/૮ કલાક દીઠના ભાવે ભાડેથી ટ્રેક્ટર-ટ્રોલી ( ૪ મજુરો જરૂરી સાધનો સાથે ) સપ્લાય કરવા અંગેનું ટેન્ડર સ્પષ્ટ અક્ષરે લખવું. તેમજ ટેન્ડર ભરીને ઉપરનાં સરનામે રજી. એડી./સ્પીડ પોસ્ટ/કુરીયરથી નિયત સમયમાં મોકલવાના રહેશે.**

**(૩) ટેન્ડર ફોર્મ ડુપ્લીકેટમાં તથા સહી સિક્કા કરી પૂરી વિગતો ભરી સામેલ કરવું.**

# ટેન્ડરરે ભરવાની વિગતનું ફોર્મ

## ટેક્નિકલ બીડ

**ટેન્ડરર/કોન્ટ્રાકટરની વિગતો :-**

૧. ટેન્ડરરનું નામ :- ................................................

૨. ટેન્ડરર ની સંસ્થાનું નામ :..........................................

૩. સંસ્થાનાં રજીસ્ટ્રેશનની વિગતઃ ......................................
(રજીસ્ટ્રેશનની નકલ સામેલ કરવી.)

૪. ઘરનું સરનામું (પત્ર વ્યવહાર માટે):-

.................................................................
.................................................................
.................................................................

૫. ઓફિસનું સરનામું (પત્ર વ્યવહાર માટે):-

.................................................................
.................................................................
.................................................................

૬. ફોન નંબર ઓફિસ :.............. રહે.:............. મોબાઈલ :............. .
ઈમેલ આઈ.ડીઃ..................................................

૭. ઘન કચરાનાં નિકાલની કામગીરી ( ટ્રેક્ટર - ટ્રોલી મારફતે) નો ઓછામાં ઓછો બે વર્ષનો અનુભવ (હોય તો પુરાવા રજુ કરવા)

**નોંધઃ**- પુરાવા રૂપે જે તે ઝોન તથા વોર્ડનાં ૫.હે.સુ. શ્રી, ડે. હેલ્થ ઓફિસર શ્રી, જે તે ખાતાના વડા અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ વર્કઓર્ડરની કોપી, સંતોષકારક કરેલ કામગીરીનું સર્ટી તથા વર્કઓર્ડર મુજબ એક વર્ષમાં કેટલી રકમનું કામ કર્યુ તેની વિગત રજુ કરવી. માંગેલ વિગતો રજુ કરેલ નહિ હોય તો ટેન્ડર ફોર્મ રદ્દ કરવામાં આવશે.

૮. કેટલા ટ્રેક્ટર-ટ્રોલી પુરા પાડવાની ક્ષમતા ધરાવો છો ?

- ટ્રેક્ટર-ટ્રોલી નંગ :- ....................
(પુરા પાડવામાં આવનાર ટ્રેક્ટર ટ્રોલી પૈકી ઓછામાં ઓછા ૨ (બે) ટ્રેક્ટર ટ્રોલી પોતાની માલીકીનાં હોવા જરૂરી છે. જેની આર.સી. બુકની ઝેરોક્ષ નકલ ટેન્ડરની સાથે મુકવાની રહેશે. આર.સી. બુકની કોપી મુકેલ નહી હોય તો ટેન્ડર રદ્દ કરવામાં આવશે.)
- અન્ય વિશિષ્ટ માહીતી(જો હોય તો):-

...........................................................................

૯. અરજદારની બેંક એકાઉન્ટ ની વિગત નીચે દર્શાવ્યા મુજબ આપવી.

- બેંકનું નામ :-...................................................................
- એકાઉન્ટ નંબર :-...............................................................
- બેંક એકાઉન્ટ ધરાવનારનું નામ :-...............................................
- બ્રાંચનું નામઃ-..................................................................
- માઇકર નંબરઃ-.............................................................
- ટેન્ડરરનો ઇન્કમટેક્ષ વિભાગનો પાન નં.......................................................
- ટેન્ડરરે છેલ્લા બે વર્ષના ઇન્કમટેક્ષ ભરેલાના પુરાવા રજુ કરવાના રહેશે............................

નોંધઃ- (ઇન્કમ ટેક્ષ ભરેલાનાં પુરાવા રજુ કરેલ નહી હોય તો ભરેલું ટેન્ડર ફોર્મ રદ્દ કરવામાં આવશે.)

**તારીખઃ-** **ટેન્ડરરની સહી તથા સિકકો**

**સ્થળઃ**

### ટ્રેક્ટર ટ્રોલી (મજુરો સાથે ) દ્વારા ઘન કચરાનાં નિકાલની કામગીરી માટે પ્રતિ શિફ્ટ/૮ કલાકનાં ભાવ
### ( પ્રાઈઝ બીડ )

| ક્રમ | વોર્ડ નુ નામ | ટ્રેક્ટર તથા ટ્રોલી ની દૈનિક જરૂરિયાત સુકો, ભીનો કચરો, ટ્રીકટીંગ વિગેરેમાટે | અર્નેસ્ટ મનીની રકમ | સિક્યુરિટિડીપોઝીટ ની રકમ ( કુલ વાર્ષિક અંદાજીત કામગીરીનાં ૫% પ્રમાણે ) | પ્રતિ શિફ્ટ/૮ કલાકનાં ભાવ રૂપીયા ( ટેન્ડરરે આ કોલમમાં ભાવો લખવા ) સુકો, ભીનો કચરો, ટ્રીકટીંગ વિગેરે માટે |
|---|---|---|---|---|---|
| ૧ | થલતેજ | ૬ | ૫૦,૦૦૦/-<br>(અંકેરૂપિયાપચાસહજારપુરા) | ૧,૩૨, ૦૦૦/-<br>(અંકે રૂપિયા એક લાખ બત્રીસ હજાર પુરા) | આંકડામાં<br><br>શબ્દોમાં |
| ૨ | બોડકદેવ | ૮ | ૫૦,૦૦૦/-<br>(અંકેરૂપિયાપચાસહજારપુરા) | ૧,૭૬,૦૦૦/-<br>(અંકે રૂપિયા એક લાખ છોતેર હજાર પુરા) | આંકડામાં<br><br>શબ્દોમાં |
| ૩ | જોધપુર | ૮ | ૫૦,૦૦૦/-<br>(અંકેરૂપિયાપચાસહજારપુરા) | ૧,૭૬,૦૦૦/-<br>(અંકે રૂપિયા એક લાખ છોતેર હજાર પુરા) | આંકડામાં<br><br>શબ્દોમાં |
| ૪ | સરખેજ | ૬ | ૫૦,૦૦૦/-<br>(અંકેરૂપિયાપચાસહજારપુરા) | ૧,૩૨, ૦૦૦/-<br>(અંકે રૂપિયા એક લાખ બત્રીસ હજાર પુરા) | આંકડામાં<br><br>શબ્દોમાં |

**નોંધ :-** ૧. વોર્ડ દિઠ પ્રતિ શિફ્ટ/૮ કલાકનાં ભાવ આંકડા તથા શબ્દોમાં લખવા.

૨. અંદાજીત ટ્રેક્ટર દૈનિક જરૂરીયાત મહત્તમ દર્શાવેલ છે પરંતુ વોર્ડના પ.હે.સુ.શ્રી ની જરૂરીયાત મુજબ ટ્રેક્ટર ટ્રોલી સપ્લાય કરવાના રહેશે.

૩. ટેન્ડર કવર ઉપર " જાહેર ટેન્ડર નં. ૬/૨૦૦૯-૨૦૧૦ નવા પ. ઝોન હેલ્થ વિભાગ ખાતે પ્રતિ શિફ્ટ/૮ કલાક દિઠનાં ભાવથી ટ્રેક્ટર ટ્રોલી સપ્લાય કરવા અંગેનું ટેન્ડર " એમ સ્પષ્ટ અક્ષરે લખવું.

૪. સદરહુ ટેન્ડર રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરીયરથી મોકલવાનાં રહેશે.

૫. ટેન્ડરરે ટેન્ડર ફોર્મનાં અંતે તેમજ ટેન્ડરની શરતોની નીચે સહી તેમજ સિક્કા લગાવી તમામ વિગતો ભરવાની રહેશે.

૬. ટેન્ડરરની સહી તેમજ સિક્કા વગરનું ટેન્ડર તેમજ શરતી ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.

મે/અમે ટેન્ડર ફોર્મમાં જણાવેલ તમામ વિગત ખરી છે તેની ખાતરી આપીએ છીએ તથા ટેન્ડર અંગેનાં તમામ નિયમો અને શરતો મેં / અમે વાંચ્યા છે, સમજ્યા છીએ અને મને / અમોને કબુલ-મંજુર અને બંધનકર્તા રહેશે. આ બાબતે હું કોઇ પણ વાદ-વિવાદ કે અપીલ કરીશ નહી.

**તારીખઃ-** **ટેન્ડરરની સહી તથા સિકકો**

**સ્થળઃ**

# મહાનગર સેવાસદન, અમદાવાદ

## નવા પશ્ચિમ ઝોન

### <u>ટેન્ડરની શરતો</u>

૧. સુકો ભીનો કચરો, ટ્રીકટીંગ ભરવાના ટ્રેક્ટરો ટ્રોલી દ્વારા બે ફેરા કરવાનાં રહેશે. ફરંતુ ખાતાની જરૂરીયાત મુજબ કચરાનું ભારણ વધારે હોય તો સાંજે પણ વધારાનો ફેરો કરવાનો રહેશે. પ્રત્યેક ફેરામાં ૧.૫ ટન સૂકો ભીનો કચરો, ટ્રીકટીંગ નિકાલ કરવાનો રહેશે અને ૧.૫ ટનથી ઓછુ વજન હોવુ જોઇશે નહિ અને ૧.૫ ટનથી ઓછુ હશે તો ફેરો કેન્સલ ગણાશે અને જેનું પેમેન્ટ આપવામાં આવશે નહિ.

૨. કામગીરીનો સમય સવારે ૭.૦૦ વાગ્યાથી કામના ભારણનો તમામ નિકાલ થાય ત્યા સુધીનો રહેશે. નિયત કરેલ વાહનો દ્વારા ઓછામાં ઓછા બે ફેરા કરવાના રહેશે અને જરૂર જણાય તો ખાતાના અધિકારી, પ.હે.સુ. શ્રી ની સુચના મુજબ ત્રીજો ફેરો કરવાનો રહેશે.

૩. ઝોનના થલતેજ, બોડકદેવ, જોધપુર અને સરખેજ વોર્ડમાં આવેલ ઘન કચરા (સુકો ભીનો કચરો તેમજ ટ્રી-કટીંગ )ઉપાડવાની માહીતી દરરોજ વોર્ડના અધિકારી દ્વારા લેખિતમાં લોગબુકમાં આપવામાં આવશે જે મુજબ સૂકો ભીનો કચરો તેમજ ટ્રી-કટીંગ ઉપાડવાની કામગીરી કરવાની રહેશે. સવારે સાત વાગ્યે મસ્ટર પર હાજરી પુરાવવાની રહેશે તેમજ દરેક ફેરા પહેલા મસ્ટર પર હાજરી પુરવાની રહેશે.

૪. કચરાનાં ડસ્ટબીન વોર્ડમાં જ્યા જ્યા લગાડેલા છે તે ડસ્ટબીનમાંથી તેમજ જે તે વોર્ડનાં સફાઇ કામદારોની લારીમાંથી પણ કચરો એકત્ર કરવાનો રહેશે.

૫. ટ્રેક્ટર ટ્રોલી દ્વારા વોર્ડમાંથી સૂકો ભીનો કચરો, છાણીયું, ટ્રી-કટીંગ ઉપાડવાની કામગીરી જાહેર રજાઓ, રવિવારના દિવસો સહિત દરરોજ (૩૬૫ દિવસ) કરવાની રહેશે.

૬. પ્રત્યેક ટ્રેક્ટર ટ્રોલી દીઠ ફરજીયાત પણે રાખવાના થતા ૪(ચાર) મજુરો દ્વારા દ્વારા એકત્ર કરાયેલ વેસ્ટ ( સુકો ભીનો કચરો, ટ્રીકટીંગ વગેરે ) ટ્રેક્ટર ટ્રોલી દ્વારા કંપોસ્ટ પ્લાન્ટ/લેન્ડ ફીલ સાઇટ ઉપર લઇ જતા પહેલા તેનું વજન મ્યુનિ. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પીરાણા રોડ ઉપર આવેલ વે-બ્રિજ ઉપર કરાવવાનું રહેશે તથા પ્રત્યેક ફેરા દીઠ થયેલ વજનની નોંધ લોગબુકમાં કરાવવાની રહેશે અને તે રેકર્ડ મેઇન્ટેઇન કરવાનો રહેશે.

૭. સદર કોન્ટ્રાક્ટનો સમય બે વર્ષ માટેનો રહેશે. કોન્ટ્રાક્ટનો સમય વર્ક ઓર્ડર ઇશ્યુ કર્યા તારીખથી બે વર્ષનો રહેશે. પેટ્રોલિયમ પેદાશનાં ભાવમાં થતા ફેરફારની અસર ટેન્ડરરે ભરેલ ભાવોમાં થશે નહિ.

૮. સદરહુ ટેન્ડરની કાર્યવાહી દરમિયાન સક્ષમ સત્તાની મંજુરી બાદ ટેન્ડરરને વર્કઓર્ડર આપવામાં આવશે, વર્કઓર્ડર મળ્યા તારીખથી દિન-૭(સાત) માં કામગીરી શરૂ કરવાની રહેશે. લેટ કામગીરી શરૂ કરનાર કોન્ટ્રાક્ટર પાસેથી પ્રતિ દિન રૂા. ૧૦૦૦/- દંડ વસૂલ કરવામાં આવશે. ટેન્ડરરે વર્કઓર્ડર મળ્યેથી જરૂરી રકમના સ્ટેમ્પ ઉપર મ્યુનિ. કોર્પો. ના નીતિનિયમ મુજબ કોન્ટ્રાક્ટ ડીડ / એગ્રીમેન્ટ કરી આપવાનું રહેશે તેમજ જે તે વોર્ડની સામે દર્શાવ્યા મુજબની સિક્યોરિટી ડિપોઝીટ ભરવાની રહેશે. ડિપોઝીટ રીફન્ડેબલ છે, જે ટેન્ડરની મુદત પુરી થયે પરત કરવામાં આવશે, પરંતુ ખરાબ કામગીરીને કારણે અથવા અધવચ્ચે છોડી દીધેલ કામગીરીના કેસમાં ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૯. કોન્ટ્રાક્ટના સમય દરમ્યાન અ. મ્યુ. કો. તથા ટેન્ડરર વચ્ચે ઉભા થતા કોઇ પણ વિવાદ માટે મ્યુનિ. કમિશ્નર શ્રીનો નિર્ણય આખરી ગણાશે <u>બેથી વધારે કોન્ટ્રાક્ટરનો ભાવ સરખો આવે તો અનુભવ તથા કાર્યક્ષમતાને પહેલા ધ્યાનમાં લેવામાં આવશે..</u>

૧૦. દર માસે ટ્રેક્ટર ટ્રોલી દ્વારા કરેલ ફેરાની માહીતી લોગબુક તથા વેબ્રિજના સ્ટેટમેન્ટ સાથે પુરેપુરા બિલો એકસાથે રજુ કરવાના રહેશે. ટ્રેક્ટર ટ્રોલી દ્વારા વે-બ્રિજ પર થયેલ વજનને આધારે વે-બ્રિજના સ્ટેટમેન્ટ, લોગબુક તેમજ વોર્ડ લેવલેથી હેલ્થ વિભાગના અધિકારીના રીપોર્ટને ધ્યાનમાં લઇ અ.મ્યુ.કો. ના નીતિનિયમ મુજબ પેમેન્ટ ચુકવવામાં આવશે.

૧૧. જે તે વોર્ડમાં કરેલ ફેરાની માહીતી તેમજ લોગબુક સાથે જે તે મહિનાના બિલો તે પછીના મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધીમાં ટેન્ડરરે રજુ કરવાના રહેશે.

૧૨. ઝોનમાં ઉપરોક્ત જણાવેલ વોર્ડમાં નક્કી કરેલ સંખ્યા મુજબના ટ્રેક્ટર ટ્રોલી પૈકી જો ટેન્ડરર દ્વારા જે દિવસે ટ્રેક્ટર ટ્રોલી ફાળવવામાં નહિ આવે તો તે દિવસના વાહન દીઠ રૂા. ૧૦૦૦/- ( અંકે રૂપિયા એક હજાર પુરા ) દંડ તરીકે તેના બિલમાંથી વસુલ કરવામાં આવશે તેમજ વાહન ફાળવ્યા બાદ બે ફેરાની કામગીરી કરવામાં ન આવે તો ઓછા કરેલ ફેરા દિઠ વરાડે પડતી રકમ બીલમાંથી કાપવામાં આવશે. તેમજ ઓછા આવેલ ટ્રેક્ટરનાં અનુસંધાનમાં જેટલા ટ્રેક્ટર ઓછા આવ્યા હોય તેની વ્યવસ્થા જે તે વોર્ડનાં પ.હે.સુ. શ્રી એ કરી કામગીરી પૂરી કરાવવાની રહેશે. તેમજ આ અંગે થયેલ ખર્ચની વસુલાત જે તે કોન્ટ્રાક્ટર પાસેથી કરવાની રહેશે.

૧૩. વોર્ડમાં નક્કી કરેલ સંખ્યા મુજબ ટ્રેક્ટર ટ્રોલી સતત ૩(ત્રણ) દિવસ સુધી ટેન્ડરર દ્વારા ફાળવવામાં નહિ આવે તો ત્યાર બાદ ચોથા દિવસથી પ્રતિ દિન રૂા.૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા ) ટ્રેક્ટર ટ્રોલી દીઠ દંડ તરીકે તેના બિલમાંથી વસુલ કરવામાં આવશે. તેમજ વારંવાર કામગીરીમાં બેદરકારી દાખવવામાં આવશે તો ટેન્ડરર સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમજ ઇ.એમ.ડી. અને સિક્યોરિટી ડિપોઝીટની રકમ પુરેપુરી જપ્ત કરવામાં આવશે તથા તેઓના ખર્ચે / જોખમે અન્ય કોન્ટ્રાક્ટર પાસેથી કામગીરી જરૂરીયાત મુજબ કરાવવામાં આવશે. જેમાં કોઇ વિવાદ ધ્યાનમાં લેવામાં આવશે નહિ, તેમજ ટેન્ડર રદ્ બાતલ કરવા અને સંસ્થાને બ્લેક લીસ્ટ કરવા સુધીના પગલા લેવામાં આવશે.

૧૪. ટ્રેક્ટર ટ્રોલીની કામગીરી દરમ્યાન પુરતા પ્રમાણમાં મજુરો ફાળવવામાં નહિ આવે તો તેવા કિસ્સામાં મજુરદીઠ દિવસના રૂા.૧૦૦/- લેખે પેનલ્ટી બિલમાંથી વસુલ કરવામાં આવશે.

૧૫. તમામ પ્રકારનો કચરો (સુકો ભીનો કચરો તેમજ ટ્રી-કટીંગ ) પરિવહન કરતી વખતે કંતાન, મીણીયું કે તાડપતરી ઢાંકવી ફરજીયાત રહેશે. જો તેમ કરવામાં નહિ આવે તો ટ્રેક્ટર દીઠ દરરોજ રૂા. ૧૦૦/- (અંકે રૂપીયા સો પુરા) ની પેનલ્ટી બિલમાંથી વસુલ કરવામાં આવશે.

૧૬. ટ્રેક્ટર ટ્રોલી વોર્ડની કામગીરી દરમ્યાન બ્રેકડાઉન થાય ત્યારે તાત્કાલીક ધોરણે ટેન્ડરરે અન્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૧૭. કામગીરી શરૂ કરતા પહેલા જે ટ્રેક્ટર ટ્રોલી થી કામગીરી કરાવવાની હોય તેના આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબરની નોંધ કરાવવાની રહેશ અને તે મુજબ લોગડાયરી ફાળવવામાં આવશે.

૧૮. વાહનનાં ડ્રાયવરે નશાયુક્ત પીણું પીધેલ હશે કે અન્ય કોઇ માદક પદાર્થોનું સેવન કરેલ હાલતમાં હશે તો તેના લીધે જે કોઇ પરિસ્થિતિ ઉભી થાય તેની સઘળી જવાબદારી ટેન્ડરરની રહેશે તેમાં અ.મ્યુ.કો.ની કોઇ જવાબદારી રહશે નહિ.

૧૯. ટેન્ડરની પ્રક્રિયા દરમ્યાન સૌથી ઓછા ભાવનું ટેન્ડર કે કોઇ પણ ટેન્ડર અથવા તેના ભાગો સ્વીકારવા કે નહિ તેનું સંપૂર્ણ હક્ક મ્યુનિસિપલ કમિશ્નર શ્રીનો રહેશે અને તેમાટે કોઇ પણ કારણ આપવામાં આવશે નહિ.

૨૦. વોર્ડ ખાતે ફાળવવામાં આવેલ વાહનો મ્યુનિ. કોર્પો. ના કોઇ પણ ખાતાની કામગીરી તથા સંસ્થાને જરૂર જણાશે ત્યાં વાહનો ટેન્ડરરે પુરા પાડવાના રહેશે જે અંગે ટેન્ડરરનો કોઇ વાંધો કે વિરોધ સ્વીકારવામાં આવશે નહિ. તેમજ હેલ્થ વિભાગના અધિકારીની સૂચના મુજબ જરૂર જણાય ત્યારે રાત્રિ દરમ્યાન પણ વાહનો ફાળવવાના રહેશે. જેમાં કોઇ વિવાદ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૨૧. વાહનના ડ્રાયવરનો પગાર, ડિઝલ, ઓઇલ, ફયુઅલ, રીપેરીંગ ખર્ચ તેમજ તેના આનુસાંગિક ખર્ચાઓની જવાબદારી ટેન્ડરરની રહેશે તથા આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનની સીધી કે પરોક્ષ કોઇ પણ જવાબદારી રહેશે નહિ. કોન્ટ્રાક્ટનો સમય વર્ક ઓર્ડર ઇશ્યુ કર્યા તારીખથી ૨(બે) વર્ષનો રહેશે. પેટ્રોલીયમ પેદાશોના ભાવોમાં થતા ફેરફારોની અસર ટેન્ડરરે ભરેલ ભાવમાં થશે નહિ અને આ ભાવો ૨(બે) વર્ષ માટે ફિક્સ રહેશે.

૨૨. જો કોઇ સંજોગોમાં વે-બ્રિજ પર કાંટો બંધ હોય તો તે સંજોગોમાં ટ્રેક્ટર ટ્રોલીના ૧(એક) ફેરાનું વજન વે-બ્રિજના સ્ટેટમેન્ટમાં દર્શાવ્યા મુજબ ગણી પેમેન્ટ ચુકવવામાં આવશે જે ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

૨૩. ટેન્ડરરો દ્વારા આ કામગીરી માટે લાગુ પડતા કાયદાઓ, નિયમો, મજુરોને લગતા કાયદાઓની તમામ જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે અને તે અંગે મ્યુનિ. કોર્પો. ની કોઇ જવાબદારી રહેશે નહિ.

૨૪. વાહનની કામગીરી દરમ્યાન વાહનના કારણે જાહેર જનતા કે અન્ય કોઇ પણ વ્યક્તિને કે માલમિલકતને નુકસાન પહોંચે તો તેની સઘળી જવાબદારી ટેન્ડરરની રહેશે, આ અંગે અ.મ્યુ.કો. ની કોઇ પણ જવાબદારી રહેશે નહિ.

૨૫. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ અથવા ઝોનના હેલ્થ વિભાગના કોઇ પણ અધિકારી દ્વારા વેસ્ટના એકત્રિકરણ અંગે જે કોઇ માહીતી માંગવામાં આવે તે ટેન્ડરરે અધિકારીને ઝડપભેર આપવાની રહેશે.

૨૬. આ કામગીરી માટે જે કોઇ સરકારી વેરા ભરવાના થાય તેમજ જે કોઇ પ્રમાણપત્ર મેળવવાનું થાય તે તમામ પુરાવા રજુ કરવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.

૨૭. દરેક વાહનો/સાધનોનો જરૂરી ઇન્સ્યુરન્સ, આર.ટી.ઓ. તથા અન્ય સરકારી એજન્સીની માન્યતા ધરાવતા હોવા જોઇએ જેના લીધે જે કોઇ પરિસ્થિતિ ઉભી થાય તેની તમામ જવાબદારી ટેન્ડરરની રહેશે. દરેક વાહન ઉપર ON DUTY AMC નું બોર્ડ ફક્ત અત્રેની કામગીરી દરમ્યાન જ લગાવવાનું રહેશે.

૨૮. ટેન્ડરર જ્યારે ઘર કે ઓફિસનું સરનામું બદલે તે સંજોગોમાં અત્રે જાણ કરવાની રહેશે.

૨૯. ટેન્ડરરે સરકારના પોલ્યુશન કંટ્રોલ બોર્ડના નિયમોને આધીન રહીને તેનો અમલ કરવાનો રહેશે તથા સોલિડવેસ્ટ હેન્ડલિંગ એન્ડ મેનેજમેન્ટ અંગેનાં નિયમો તથા ભવિષ્યમાં અમલી બનનાર નિયમોનું પાલન કરવાનું રહેશે.

૩૦. વાહનની કામગીરીનાં સમય દરમ્યાન સંજોગોવસાત વાહનને અકસ્માત થાય તો વાહનનાં ડ્રાયવરની કે અન્ય કોઇને થયેલી ઇજા/મૃત્યુ તથા વાહનને કે અન્ય માલમિલ્કતને જે કોઇ નુકસાન થશે તે અંગેની સઘળી જવાબદારી એમ.એ.સી.ટી. ક્લેઇમ સેટલમેન્ટ સહીતની તથા આર.ટી.ઓ. નિયમોની તેમ જ અન્ય કાયદાકીય જાવબદારીઓ ટેન્ડરરની રહેશે. આ અંગે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની કોઇ પણ જવાબદારી રહેશે નહી.

૩૧. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા સદરહુ કામગીરી માટે ભવિષ્યમાં અન્ય કોઇ વ્યવસ્થા કે અન્ય કોઇ નવી પોલિસી નક્કી કરવામાં આવશે તો બંધ બોડીનાં વાહનો તેમજ નાના મોટા વાહનોનાં કોમ્બીનેશનથી હાલનાં મંજુર થયેલ ટેન્ડરનાં પ્રતિ શિફ્ટ/૮ કલાક દિઠનાં ભાવથી ખાતાની જરૂરીયાત મુજબ નવી નક્કી થયેલ પોલિસી મુજબ કામગીરી કરવાની રહેશે.

૩૨. સંસ્થા રજીસ્ટ્રેશન થયાના પુરાવા રૂપે રજીસ્ટ્રેશનની નકલ ટેન્ડર સાથે સામેલ કરવાની રહેશે.

૩૩. ટેન્ડરર દ્વારા પુરા પાડવામાં આવનાર ટ્રેક્ટર ટ્રોલી પૈકી ઓછામાં ઓછા ૨ (બે) ટ્રેક્ટર ટ્રોલી પોતાની માલીકીનાં હોવા જરૂરી છે. જેની આર.સી. બુકની ઝેરોક્ષ નકલ ટેન્ડરની સાથે મુકવાની રહેશે. આર.સી. બુકની કોપી મુકેલ નહી હોય તો ટેન્ડર રદ્ કરવામાં આવશે. કામગીરી માટે મૂકવાનાં વાહનો ૫ વર્ષથી વધુ જુના ન હોવા જોઇએ. કોન્ટ્રાક્ટરે કામગીરી માટે મૂકવાના દરેક વાહનની આર.સી. બુકની ઝેરોક્ષ કોપી રજુ કરવાની રહેશે.

૩૪. જે કોન્ટ્રાક્ટરનું ટેન્ડર સ્ટે. કમિટીમાં મંજુર થયેલ હશે તે કોન્ટ્રાક્ટર સમય મર્યાદામાં સિક્યોરીટી ડીપોઝીટ ભરશે નહી અથવા સિક્યોરીટી ડીપોઝીટ ભર્યા બાદ સમયમર્યાદામાં કામગીરી શરૂ નહી કરે તો તે કોન્ટ્રાક્ટરને કાયમ માટે મહાનગર સેવાસદન,અમદાવાદનાં તમામ ખાતામાં તમામ પ્રકારની કામગીરી માટે બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

૩૫. મહાનગર સેવાસદનમાં અમલમાં આવે ત્યારથી કોન્ટ્રાક્ટરે પોતાના વાહનો ઉપર પોતાના ખર્ચે જી.પી.એસ. સિસ્ટમ મુકવાની રહેશે. મુકેલ જી.પી.એસ. સિસ્ટમ ચાલું ન હોય અને બંધ હશે તો ફેરો ગણવામાં આવશે નહી.

૩૬. જે તે સંસ્થાએ દરેક વોર્ડ માટે અલગ અલગ ટેન્ડર ભરવાનું રહેશે તેમજ બે કરતા વધારે વોર્ડમાં ફર્સ્ટ લોએસ્ટ તરીકે એક જ સંસ્થા આવશે તો આવી સંસ્થાને મહત્તમ બે જ વોર્ડમાં કામગીરી આપવાની રહેશે અને બાકીનાં વોર્ડમાં આવી સંસ્થાનાં ફર્સ્ટ લોએસ્ટ ભાવથી તે જ વોર્ડની સેકન્ડ લોએસ્ટ સંસ્થાએ કામ કરવાનું રહેશે.

૩૭. ટેન્ડરરે ટેક્નિકલ બીડ, ટેન્ડરની શરતો, ટેન્ડર ફી, ઇ.એમ.ડી. , પે ઓર્ડર/ડિમાન્ડ ડ્રાફ્ટ તથા ટેન્ડરમાં માગ્યા મુજબના પુરાવા એક કવરમાં મુકી તે કવર ઉપર જાહેર શોર્ટ ટેન્ડર નં. ૬/ ૨૦૦૯-૧૦ ટેક્નિકલ બીડ લખી સદર ટેન્ડર સીલ કરવું તથા પ્રાઇઝ બીડ અલગ કવરમાં મુકી તે કવર સીલ કરી તેની ઉપર જાહેર શોર્ટ ટેન્ડર નં. ૬/ ૨૦૦૯-૧૦ પ્રાઇઝ બીડ એમ સ્પષ્ટ અક્ષરે લખવું અને ટેક્નિકલ બીડ તથા પ્રાઇઝ બીડના કવર એક મોટા કવરમાં મુકી તે મોટા કવર ઉપર **શોર્ટ** ટેન્ડર નંબર ૬/૨૦૦૯-૧૦ તથા ટેન્ડર મોકલવાની તારીખઃ- --/-- /૨૦૦૯ એમ સ્પષ્ટ અક્ષરે લખી સદર ટેન્ડર સમયમર્યાદામાં જમા કરાવવાનું રહેશે. જે સંસ્થાનું ટેક્નિકલ બીડ ખોલતા ટેન્ડરની શરતો મુજબ સંસ્થા એલીજીબલ થશે તો તે સંસ્થાનું પ્રાઇઝ બીડ ખોલવામાં આવશે. જે સંસ્થા એલીજીબલ નહિ થાય તેનું પ્રાઇઝ બીડ ખોલવામાં આવશે નહિ.

૩૮. વહીવટી ખાતાકીય તેમજ કાયદાકીય કામગીરી અંગેનું કાર્યક્ષેત્ર અમદાવાદ રહેશે.

૩૯. સૌથી ઓછા ભાવનું ટેન્ડર કે કોઈપણ ટેન્ડર અથવા ટેન્ડરના કોઈપણ ભાગનો સ્વીકાર કરવો કે નહિ તેનો સંપૂર્ણ હક્ક મ્યુનિ. કમિશ્નર શ્રી નો રહેશે અને તે માટે કોઈપણ કારણ આપવામાં આવશે નહિ તથા તે અંગે કોઈ તકરાર કે ફરિયાદ સાંભળવામાં આવશે નહિ.

૪૦. કોન્ટ્રાક્ટરે કચરાનાં નિકાલનાં ભાવ વોર્ડમાંથી જુદી જુદી જગ્યાએથી કચરો ભરીને ડમ્પીગ સાઇટ સુધી કાર્ટ કરીને નિકાલ કરી ખાલી ટ્રેક્ટર ટ્રોલી ફરીથી વોર્ડમાં લઇ જઇને ઉપરોક્ત કામગીરી કરવા સાથેનાં ભાવ આપવાનાં રહેશે.

૪૧. ભવિષ્યમાં કચરાનું ફાયનલ ડીસ્પોઝલ ( ડમ્પ સાઇટ ) બદલી નજીકમાં ટ્રાન્સફરસ્ટેશન કરવામાં આવે તો ફાયનલ ડીસ્પોઝલનું અંતર ઘટતુ હોવાથી ભાવ ઘટાડો જે તે સમયનાં ડે. મ્યુ. કમિ. શ્રી ( ન.પ. ઝોન ) નક્કી કરે તે દરેક કોન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે.

| | |
|---|---|
| ડે. હેલ્થ ઓફિસર<br>નવા પ. ઝોન | ડે. મ્યુનિ. કમિશ્નર<br>નવા પ. ઝોન |

મે/અમે ટેન્ડરર ફોર્મમાં જણાવેલ તમામ વિગત ખરી છે તેની ખાતરી આપીએ છીએ તથા ટેન્ડર અંગેનાં તમામ નિયમો અને શરતો મે/અમે વાચ્યા છે, સમજ્યા છીએ અને મને / અમોને કબુલ-મંજુર અને બંધનકર્તા રહેશે. આ બાબતે હું / અમે કોઇ પણ વાદ-વિવાદ કે અપીલ કરીશું નહી.

**તારીખઃ-** **ટેન્ડરરની સહી તથા સિકકો**

**સ્થળ:**

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## મહાનગર સેવા સદન

હેલ્થ - નવા પશ્ચિમ ઝોન

તા. ૨૨.૦૨.૧૦

**મે.મ્યુનિ. કમિશ્નર શ્રી W/cs,**

**વિષયઃ-** હેલ્થ નવા પ. ઝોનનાં થલતેજ, બોડકદેવ, જોધપુર, સરખેજ વોર્ડમાં સુકો ભીનો કચરો, ટ્રીકટીંગ વિગેરે ઉપાડી સુએઝફાર્મ ડમ્પીંગસાઇટ ઉપર નિકાલ કરવા માટે ટ્રેક્ટર ટ્રોલી ( ૪ મજુરો, જરૂરી સાધનો સાથે) ભાડેથી સપ્લાય કરવા આ સાથે સામેલ જાહેર શોર્ટ ટેન્ડર નોટીસ નં. ૬/૨૦૦૯-૨૦૧૦ ને નમુના મુજબ મહાનગર સેવાસદન અમદાવાદ શહેરનાં દૈનિક પત્રમાં પ્રસિદ્ધ કરવા સારૂ આપ સાહેબની વહીવટી તેમજ નાણાંકીય મંજુરી આપવા બાબત.

**વિગતઃ-** હેલ્થ નવા પ. ઝોનના થલતેજ, બોડકદેવ, જોધપુર, વેજલપુર અને સરખેજ વોર્ડમાંથી કચરો,છાણીયુ, રેતી, માટી, પૂરણી, ટ્રી-કટીંગ વિગેરે ઉપાડી સુએઝફાર્મ ડમ્પીંગ સાઇટ ઉપર નિકાલ કરવા માટે ૧ ટન દિઠનાં ભાવે ટ્રેક્ટર - ટ્રોલી ( ૪ મજુરો, જરૂરી સાધનો સાથે ) ભાડેથી સપ્લાય કરવા જાહેર ટેન્ડર નં. ૯/૦૮-૦૯ બહાર પાડવામાં આવેલ તેમાં સ્ટે. કમિટી ઠ.નં. ૮૩૨ તા. ૧૫.૧૦.૦૯ થી મળેલ મંજુરી મુજબ વોર્ડ વાઇઝ L-1 સંસ્થાઓને તા. ૧૬.૧૦.૦૯ થી ૪ (ચાર) માસ માટે કામગીરી કરવા વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે જેની કામગીરીની મુદત ૧૫.૦૨.૨૦૧૦ નાં રોજ પુરી થતી હોઇ નવા પ. ઝોનનાં ઉપરોક્ત દર્શાવેલ વોર્ડમાં સૂકો-ભીનો કચરો, છાણીયુ, ટ્રી-કટીંગ, માટી, પૂરણી વિગેરે ઉપાડી સુએઝફાર્મ ડમ્પીંગ સાઇટ ઉપર નિકાલ કરવા ટ્રેક્ટર-ટોલી, નાના-મોટા વાહનો (ટાટા ૪૦૭, ૪૧૦, આઇશર, ડમ્પર ટ્રક)( ૪ મજુરો, જરૂરી સાધનો સાથે ) ભાડેથી સપ્લાય કરવા જાહેર ટેન્ડર નં. ૨/૦૯-૧૦ ને નમુના મુજબ મહાનગર સેવા સદન, અમદાવાદ શહેરનાં દૈનિક પત્રમાં પ્રસિદ્ધ કરવા સારૂ આપ સાહેબની વહીવટી તેમજ નાણાંકીય મંજુરી માટે ફાઇલ મૂકતાં આપ સાહેબ શ્રીએ " કચરા માટે રીટેન્ડર કરો, કમિટીમાં મુકો " તેવી રીમાર્કસ કરેલ છે.

**અંદાજીત ખર્ચઃ-** આ કામનો વાર્ષિક અંદાજીત ખર્ચ ૧,૨૨,૬૪,૦૦૦/- (એક કરોડ બાવીસ લાખ ચોસઠ હજાર પુરા ) થશે.

**મંજુરીઃ-** ઉપરોક્ત આપશ્રીની રીમાર્કસનાં અનુસંધાનમાં થલતેજ, બોડકદેવ, જોધપુર, સરખેજ વોર્ડમાંથી સુકો ભીનો કચરો, ટ્રી-કટીંગ વિગેરે ઉપાડવા વોર્ડ વાઇઝ અંદાજીત જરૂરીયાત મુજબનાં ટ્રેક્ટર-ટ્રોલી ( ૪ મજુરો, જરૂરી સાધનો સાથે ) ભાડેથી સપ્લાય કરવા માટે પ્રતિ શિફ્ટ/૮ કલાક દિઠનાં ભાવથી ભાવો મંગાવવા જાહેર શોર્ટ ટેન્ડર નોટીસ નં. ૬/૨૦૦૯-૧૦ ને નમુના મુજબ મહાનગર સેવા સદન, અમદાવાદ શહેરનાં દૈનિક પત્રમાં પ્રસિદ્ધ કરવા સારૂ આપ સાહેબ શ્રીની વહીવટી તથા નાણાંકીય મંજુરી આપવા વિનંતી છે.

**બજેટ હેડઃ-** આ કામગીરીનો ખર્ચ ઉપર રેફ્યુઝ ડીપાર્ટમેન્ટ ૪૮૨૦૩ ખાતે પડશે.

| | | |
|---|---|---|
| સીની. ક્લાર્ક<br>નવા પ. ઝોન | સેની. સુપ્રિ.<br>નવા પ. ઝોન | ડે. હેલ્થ ઓફિસર<br>નવા પ. ઝોન |

ડે. મ્યુનિ. કમિશ્નર
નવા પ. ઝોન

**ટ્રેક્ટર ટ્રોલી (૪ મજુરો જરૂરી સાધનો સાથે ) દ્વારા  ઘન કચરાનાં નિકાલની કામગીરી માટે પ્રતિ શિફ્ટ/૮ કલાક દિઠનાં ભાવની ગણત્રી દર્શાવતુ પત્રક**

| અ.નં. | વોર્ડનું નામ | ટ્રેક્ટર ટ્રોલીની સંખ્યા | સુકો ભીનો કચરો, ટ્રી કટીંગ વિગેરે માટે પ્રતિ શિફ્ટ/૮ કલાક દિઠનાં રૂા. ૧૨૦૦/- પ્રમાણે અંદાજીત ખર્ચની ગણત્રી (એક વાહનનાં રોજનાં બે  ફેરા અને કચરાનું ભારણ વધુ હોય તો ત્રીજો ફેરો ) |
|---|---|---|---|
| ૧ | થલતેજ | ૬ | ૨૬૨૮૦૦૦ |
| ૨ | બોડકદેવ | ૮ | ૩૫૦૪૦૦૦ |
| ૩ | જોધપુર | ૮ | ૩૫૦૪૦૦૦ |
| ૪ | સરખેજ | ૬ | ૨૬૨૮૦૦૦ |
| કુલ | | ૨૮ | ૧,૨૨,૬૪,૦૦૦ |